રેલવેના કબજામાંથી

રિઝર્વ પ્લોટ છોડાવવા મનપાને સૂચના

સુરત જિલ્લા સંકલન બેઠકમાં ધારાસભ્ય સંદીપ દેસાઈએ પાલી-સચિન-કનસાડના ફાળવાયેલા પ્લોટમાં રેલવેના કથિત ગેરકાયદે કબજાનો મુદ્દો ઉઠાવ્યો

બમરોલી રોડ પર 66 કે.વી. લાઈન ભૂગર્ભ કરવાની અને સરસાણા તળાવના વિકાસની પણ રજૂઆત

સુરતઃ સુરત જિલ્લામાં વિકાસનાં કામો અને સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે યોજાયેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જમીન પરના કબજા, હાઈટેન્શન લાઈનના નડતર અને પાયાની સુવિધાઓના પ્રશ્નો ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. ખાસ કરીને ધારાસભ્ય સંદિપ દેસાઈએ પાલી-સચિન-કનસાડ વિસ્તારમાં રિઝર્વેશન પ્લોટ પર રેલવે વિભાગના કથિત ગેરકાયદે કબજાનો મુદ્દો ઉઠાવી જમીનનો કબજો મેળવવાની દિશામાં કાર્યવાહી કરવાની માગ કરી હતી.

કલેકટર તેજસ પરમારે આ પ્લોટની માપણી પૂર્ણ થઈ ગઈ હોવાનું જણાવી સુરત મનપાને પોતાના અધિકારક્ષેત્રની જમીનનો કબજો મેળવી લેવા સૂચના અપાઈ હોવાનું જણાવ્યું હતું. જિલ્લા કલેકટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ધારાસભ્ય સંદિપ દેસાઈએ ત્રણ મહત્ત્વના સ્થાનિક પ્રશ્નો રજૂ કર્યા હતા. નવા બમરોલી રોડથી અમીઝરા રેસિડેન્સી, સાંઈ કે.જી. રેસિડેન્સી થઈ નવા આર.સી.સી. રોડ સુધીના માર્ગમાં આવતી GETCOની 66 કે.વી. હાઈટેન્શન ઓવરહેડ લાઈનને ભૂગર્ભ કરવાની કામગીરીનું સ્ટેટસ ધારાસભ્યએ પૂછ્યું હતું. માર્ગના વિકાસમાં નડતરરૂપ આ લાઈનને કારણે કામગીરીની સ્થિતિ સ્પષ્ટ કરવાની સાથે વહેલી તકે ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી હતી. સરસાણા વિસ્તારમાં આવેલા તળાવનું વિસ્તૃતિકરણ, નવીનીકરણ અને બ્યુટિફિકેશન કરવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. સ્થાનિક વિસ્તારના વિકાસ અને નાગરિકોને વધુ સારી સુવિધા મળી રહે તે હેતુથી આ કામગીરી હાથ ધરવા ધારાસભ્યએ ધ્યાન દોર્યું હતું. કલેકટરે સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

બેઠકમાં અન્ય ધારાસભ્યોના પ્રશ્નો પણ ગૂંજ્યા

ધારાસભ્ય વિનોદ મોરડિયાએ લલિતાયોકડી પર શ્રમિક અન્નપૂર્ણાના સ્ટોલથી સર્જાતા ટ્રાફિક જામના નિવારણ માટે સ્ટોલ અન્યત્ર ખસેડવા અને નાની વેડના અંબાજી મંદિર પાસેનું સબ સ્ટેશન હટાવવાની રજૂઆત કરી હતી. સરકારી અનાજની દુકાનોમાં સડેલું અનાજ અપાતું હોવા અને દુકાનો નિર્ધારિત સમયે ન ખુલતી હોવાની ફરિયાદ પણ ઉઠાવી હતી. ધારાસભ્ય સંગીતાબેન પાટીલે ભેસ્તાન બ્રિજને ડિંડોલી રોડ સાથે જોડવા નંદનવન સોસાયટી પાસે રેમ્પના કામમાં નડતરરૂપ હાઈટેન્શન ટાવર ખસેડવા તેમજ રણછોડનગર સોસાયટીમાં બમણા થયેલા જંત્રી દરના પ્રશ્ને જૂના દર લાગુ કરવાની રજૂઆત કરી હતી.

કલેક્ટરની સીએમ ડેશબોર્ડ પર કામગીરી સુધારવા ફરી ટકોર

બેઠકના અંતે કલેકટરે અધિકારીઓને સંકલિત રીતે સ્થળ મુલાકાત લઈ પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવા, પ્રજાકલ્યાણની યોજનાઓના લક્ષ્યાંકો પૂર્ણ કરવા અને સી.એમ. ડેશબોર્ડ પર કામગીરીની પ્રગતિ સુધારવા સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદી, જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્રપ્રકાશ મીના સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

CBSE બોર્ડની પરીક્ષામાં હવે ગોખણપટ્ટી નહીં ચાલે!

CBSEમાં ઉત્તરવહી મૂલ્યાંકન પદ્ધતિ બદલવાની તૈયારી

ધો.10-12ના વિદ્યાર્થીઓએ જવાબમાં વિષયની સમજણ, તાર્કિક વિચારશક્તિ અને પ્રાયોગિક જ્ઞાન દર્શાવવું

સુરત: CBSEની ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓએ હવે માત્ર પાઠ્યપુસ્તકના જવાબો ગોખીને પરીક્ષા આપવાની માનસિકતા બદલવી પડશે. પરીક્ષામાં સારા ગુણ મેળવવા માટે માત્ર હકીકતો, વ્યાખ્યાઓ અને તૈયાર જવાબો યાદ રાખવા પૂરતા નહીં રહે, પરંતુ વિષયની ઊંડી સમજણ, તાર્કિક વિચારશક્તિ અને ભણેલા જ્ઞાનનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ કરવાની આવડત પણ દર્શાવવી પડશે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) ઉત્તરવહીઓના મૂલ્યાંકનની પદ્ધતિમાં આ પ્રકારના ફેરફાર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ અંગે બોર્ડે નવું સર્ક્યુલર જાહેર કર્યું છે.

નવી મૂલ્યાંકન પદ્ધતિ નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP)-2020ના સિદ્ધાંતોને અનુરૂપ તૈયાર કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોના જવાબમાં માત્ર યાદ કરેલી માહિતી લખી છે કે ખરેખર વિષયને સમજીને જવાબ આપ્યો છે તેના પર વિશેષ ધ્યાન અપાશે.

એટલે કે, પ્રશ્નનો જવાબ ગોખીને લખવા કરતાં પોતાની સમજણના આધારે યોગ્ય રીતે રજૂ કરવો વધુ મહત્ત્વનો બનશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની તાર્કિક વિચારશક્તિ, વિશ્લેષણ કરવાની ક્ષમતા અને પ્રાયોગિક જ્ઞાનનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે.

હાલ પ્રશ્નપત્રના માળખામાં તાત્કાલિક ફેરફાર નહીં

CBSEના સિટી કો-ઓર્ડિનેટર સુમંત કુમારના જણાવ્યા અનુસાર, નવી મૂલ્યાંકન વ્યવસ્થા NEP-2020ના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે. જોકે, હાલ જાહેર કરાયેલા સર્ક્યુલરમાં બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રના માળખા કે પરીક્ષા પદ્ધતિમાં તાત્કાલિક ફેરફાર કરવાની જાહેરાત કરવામાં આવી નથી. મુખ્ય હેતુ ઉત્તરવહીઓની તપાસની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવાનો અને વિદ્યાર્થીઓના વાસ્તવિક જ્ઞાનનું યોગ્ય મૂલ્યાંકન કરવાનો છે.

17 અને 18 ડિસેમ્બરે શિક્ષણવિદો સાથે મંથન

નવી મૂલ્યાંકન પદ્ધતિને વધુ અસરકારક બનાવવા માટે CBSE દ્વારા દેશભરની શાળાઓના આચાર્યો અને શિક્ષણવિદો સાથે ચર્ચા કરવામાં આવશે. બોર્ડનું 32મું રાષ્ટ્રીય સંમેલન આગામી 17 અને 18 ડિસેમ્બરે જમ્મુ ખાતે યોજાશે. 'મૂલ્યાંકન : વૈશ્વિક દૃષ્ટિકોણ અને ભવિષ્ય માટે તૈયાર શીખનારાઓ' થીમ હેઠળ યોજાનારા આ સંમેલનમાં પરંપરાગત ગુણ આધારિત મૂલ્યાંકનથી આગળ વધીને વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતા, નવીન વિચારશક્તિ અને પ્રાયોગિક સમજણનું મૂલ્યાંકન કેવી રીતે કરી શકાય તે અંગે ચર્ચા થશે. સાથે જ શિક્ષકો અને શાળા સંચાલકોને ઉત્તરવહીઓની તપાસ માટે જરૂરી માર્ગદર્શન આપવાની બાબત પણ ચર્ચાના કેન્દ્રમાં રહેશે.

વિદ્યાર્થીઓએ પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું પડશે

જો CBSE આ નવી મૂલ્યાંકન વ્યવસ્થાનો વ્યાપ વધારશે તો વિદ્યાર્થીઓની પરીક્ષાની તૈયારીની પદ્ધતિમાં પણ મોટો બદલાવ આવી શકે છે. માત્ર પાઠ્યપુસ્તકની વ્યાખ્યાઓ અને તૈયાર જવાબો યાદ રાખવાને બદલે દરેક વિષયના મૂળભૂત ખ્યાલો સમજવા પડશે. પ્રશ્નમાં આપેલી પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને યોગ્ય જવાબ આપવાની ક્ષમતા કેળવવી પડશે. ભણેલા જ્ઞાનનો રોજિંદા જીવનમાં ક્યાં અને કેવી રીતે ઉપયોગ થાય છે તે સમજવું પણ વિદ્યાર્થીઓ માટે મહત્ત્વનું બનશે.

16 ફેબ્રુઆરીથી શરૂ થશે બોર્ડ પરીક્ષા

CBSEની ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ આગામી 16 ફેબ્રુઆરીથી શરૂ થશે. ધો.10ની પરીક્ષા 9 માર્ચ સુધી અને ધો.12ની પરીક્ષા 9 એપ્રિલ સુધી ચાલશે. ધો.10માં 83 વિષયો અને ધો.12માં 121 વિષયોની પરીક્ષા લેવામાં આવશે. તમામ પરીક્ષાઓ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. વિદ્યાર્થીઓ CBSEની સત્તાવાર વેબસાઇટ www.cbse.gov.in પરથી વિષયવાર પરીક્ષાનું સમયપત્રક જોઈ શકશે.

2.17 લાખ વીજ ગ્રાહકો માટે ૩.9.79 કરોડ ખર્ચાશે

ઓલપાડનાં 77 ગામ અને સુરતના ચાર વિસ્તારો માટે નવું વીજમાળખું

માસમામાં DGVCLની ત્રણ અત્યાધુનિક ગ્રીન બિલ્ડિંગ કચેરીઓનું ભૂમિપૂજન

કુદિયાણા અને પડિયામાં 220 કેવી સબસ્ટેશન પણ બનશે



સુરતઃ ઓલપાડ તાલુકા સહિત સુરત શહેરના ચાર વિસ્તારોમાં વીજ સેવાઓ વધુ ઝડપી અને સુવિધાજનક બનાવવા DGVCL દ્વારા ૩.9.79 કરોડના ખર્ચે ત્રણ નવી અત્યાધુનિક ગ્રીન બિલ્ડિંગ કચેરીઓ બનાવવામાં આવશે. માસમા ગામે નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરી, ઓલપાડ પેટા વિભાગીય કચેરી અને રાંદેર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીનાં નવા મકાનોનું ભૂમિપૂજન કરાયું હતું. કુલ 2720 ચોરસ મીટરમાં નિર્માણ પામનારી આ કચેરીઓનો લાભ 2,17,445 વીજ ગ્રાહકોને મળશે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, 2004માં શરૂ થયેલી જ્યોતિગ્રામ યોજનાથી ગુજરાતના ગામડાંઓમાં 24 કલાક વીજળી પહોંચાડવાનું સ્વપ્ન સાકાર થયું છે. 2007ની સોલાર પોલિસીથી શરૂ થયેલી સફર આજે પી.એમ. સૂર્યઘર યોજના સુધી પહોંચી છે. રાજ્યમાં 10 લાખથી વધુ ઘરોમાં સોલાર સિસ્ટમ કાર્યરત છે. ખેડૂતોને પણ ઓનલાઇન અરજીના ત્રણ મહિનામાં વીજ જોડાણ મળી રહ્યું છે અને દિવસે વીજળી આપવાની શરૂઆત થઈ છે. તોકતે અને બિપરજોય વાવાઝોડા બાદ દરિયાકાંઠાના વિસ્તારોમાં 25થી 40 કિલોમીટર સુધી વીજ લાઇનો અંડરગ્રાઉન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે. RDSS યોજના હેઠળ DGVCLને આશરે રૂ.4000 કરોડ મળતાં વીજ માળખાનું અપગ્રેડેશન થયું છે. સાંસદ મુકેશભાઈ દલાલે જણાવ્યું હતું કે, સતત વીજ પુરવઠો અને સોલાર-વિન્ડ ઊર્જાની વૃદ્ધિને કારણે ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળી છે. ભારત ગ્રીન એનર્જીમાં વિશ્વમાં ચોથા ક્રમે છે અને 2030 સુધી 500 મેગાવોટ ક્ષમતાના લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું છે.

ઓલપાડમાં આગામી ૫૦ વર્ષનું આયોજન કરાયું

ધારાસભ્ય મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઓલપાડમાં આગામી 50 વર્ષ સુધી વીજળીની સમસ્યા ન સર્જાય તે માટે આયોજન કરાયું છે. છેલ્લા ચાર વર્ષમાં પીંજરત, સેગવા, વેલુક, કરમલા અને સરોલી સહિતનાં ગામોમાં 66 કેવી સબસ્ટેશન બનાવાયાં છે. કુદિયાણા ખાતે 220 કેવી સબસ્ટેશન ટૂંક સમયમાં કાર્યરત થશે, જ્યારે પડિયામાં તેનું કામ પ્રગતિમાં છે. ઓલપાડ તાલુકો પી.એમ. સૂર્યઘર યોજનામાં 21,509 લાભાર્થીઓ અને ૩.149 કરોડની અંદાજિત સબસિડી સાથે રાજ્યમાં અગ્રેસર છે.

બે લાખથી વધુ ગ્રાહકોને લાભ થશે

ઓલપાડ તાલુકાનાં 77 ગામના 54,202 વીજ ગ્રાહકો ઉપરાંત સુરતના મોટા વરાછા, ઉમરા, કોસાડ અને ગોથાણ વિસ્તારના 1,63,243 ગ્રાહકો મળી કુલ 2,17,445 ગ્રાહકોને નવી કચેરીઓથી લાભ મળશે.

દિલજીત દોસાંજનો લાઇવ કોન્સર્ટ

સ્ટેડિયમ બહાર જ યુવાઓની ગ્લિટર મેકઅપ માટે લાઈન

કોન્સર્ટ શરૂ થાય તે પહેલાં જ સ્ટેડિયમમાં ગીતો ગાઈ ચાહકોએ જમાવ્યો માહોલ

અમદાવાદ : આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રખ્યાત પંજાબી ગાયક દિલજીત દોસાંજના લાઈવ કોન્સર્ટને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કોન્સર્ટમાં ભાગ લેવા માટે અમદાવાદ ઉપરાંત પંજાબ, મુંબઈ સહિત દેશના વિવિધ શહેરોમાંથી તેમજ અમેરિકા જેવા વિદેશી સ્થળોથી પણ ચાહકો પહોંચ્યા હતા. કોન્સર્ટ શરૂ થાય તે પહેલાં જ સ્ટેડિયમ ચાહકોથી ભરાઈ ગયું હતું. દિલજીતના સ્ટેજ પર આવવાની રાહ જોઈ રહેલા ચાહકોએ સ્ટેડિયમમાં જ તેમના લોકપ્રિય ગીતો ગાઈને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. કોન્સર્ટમાં સંગીતની સાથે ફેશનનો પણ ક્રેઝ- સ્ટેડિયમ બહાર યુવક-યુવતીઓએ ગ્લિટર મેકઅપ કરાવ્યો- બીજાથી અલગ અને સ્ટાઈલિશ દેખાવા યુવાનોમાં ઉત્સાહ- મેકઅપ આર્ટિસ્ટ્સ પાસે તૈયાર થવા માટે ભીડ લાગી. પંજાબી સિંગર દિલજીત દોસાંજના કોન્સર્ટમાં સંગીતની સાથે ફેશન અને સ્ટાઇલનો પણ અનોખો ક્રેઝ જોવા મળ્યો હતો. કોન્સર્ટમાં એન્ટ્રી લેતા પહેલાં જ સ્ટેડિયમની બહાર યુવક-યુવતીઓમાં કંઈક અલગ અને આકર્ષક દેખાવાનો ઉત્સાહ છવાયો હતો. સ્ટેડિયમની બહાર મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ ખાસ પ્રકારનો મેકઅપ કરાવતા અને ચહેરા પર ગ્લિટર લગાવતા જોવા મળ્યા હતા. ખાસ કરીને ચહેરા પર ચમકદાર ગ્લિટર અને આકર્ષક મેકઅપ કરાવવાનો ટ્રેન્ડ યુવાનોમાં લોકપ્રિય બન્યો હતો. સ્ટેડિયમ બહાર જ મેકઅપ આર્ટિસ્ટ્સ પાસે તૈયાર થવા માટે યુવાનોની ભીડ જોવા મળી હતી.

સ્થાનિકોએ પોતાના જ ઘરે જવા માટે આજીજી કરવી પડી

અમદાવાદમાં યોજાયેલા પંજાબી ગાયક દિલજીત દોસાંજના કોન્સર્ટને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ બીજી તરફ ટ્રાફિક વ્યવસ્થા અને રસ્તા બંધ કરવાના નિર્ણયને કારણે આસપાસના વિસ્તારોના સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કોન્સર્ટને પગલે વિવિધ રસ્તાઓ બંધ અને ડાયવર્ટ કરવામાં આવતાં રોજિંદી અવરજવર કરતા નાગરિકો પણ ટ્રાફિકમાં અટવાયા હતા. પોતાના જ ઘરે પહોંચવા માટે પણ તેમને પોલીસ બંદોબસ્ત અને પ્રતિબંધો વચ્ચે આજીજી કરવી પડતી હતી. ઘર નજીક હોવા છતાં અવરજવરમાં અડચણો ઊભી થતાં રહીશોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

ચેક રિટર્ન કેસમાં વલસાડના વેપારીને સુરત કોર્ટે સજા ફટકારી

સુરતઃ ચેક રિટર્ન કેસમાં વલસાડના વેપારી જોયતિન ગિરધરને એક વર્ષની સાદી કેદ અને ચેકની રકમ રૂપીયા ૬.૮૯ લાખ વળતર વ્યાજ સાથે ચુકવવાનો કોર્ટે હુકમ કર્યો હતો. સચિન જીઆઈડીસીમાં આવેલી 'શ્રીજી સ્ટીલ' પાસેથી વલસાડની 'શ્રી એન્જિનિયર' પેઢીના જોયતિન ગિરધરે વિશ્વાસ કેળવીને ડિસેમ્બર, ૨૦૧૭મા ગેલ્વેનાઈઝ્ડ શીટ્સ, એમ.એસ. પાઈપ્સ, પ્લેટ્સ અને એચ.આર. કોઈલ્સ સહિતનો કુલ ૬.૮૯નો માલસામાન ખરીદ્યો હતો. જેના પેમેન્ટ પેટે આપેલાં ચેક રિટર્ન થતાં શ્રીજી સ્ટીલનાં મેનેજર અનિલકુમાર આર. સિંહએ એડવોકેટ નરેશ ગોહિલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી પુર્ણ થયા બાદ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી સજા કરી હતી.

કપલેથામાં આગમાં બે ભેંસ-ત્રણ બચ્ચાં ભડથું થઈ ગયા

ઘટનાની જાણ થતાં ફાયર વિભાગે આગને કાબૂમાં લીધી

ઘરવખરી અને ઘાસનો જથ્થો અને લાકડાં પણ સળગી ગયાં

સુરત : કપ્લેથા ગામમાં ઘરના વાડામાં ભીષણ આગ લાગી હતી. જેમાં બે ભેંસ અને તેના ત્રણ બચ્ચાં દાઝી જતાં મોતને ભેટ્યાં હતાં. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ફાયર વિભાગ પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ચોર્યાસી તાલુકાના કપ્લેથાગામમાં ગઈ કાલે રાત્રે એક બનાવ બન્યો હતો. કપ્લેથાગામમાં શબ્બીર એયુબ સરકારે પોતાના ઘરના વાડામાં ભેંસો બાંધી હતી. દરમિયાન ગઈ કાલે રાત્રે વાડામાં અચાનક આગ લાગી હતી.

દરમિયાન ઘાસનો જથ્થો હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફાયર વિભાગને જાણ થતા ફાયરની ટીમ ઘટના સ્થળે આવી હતી. આગ ઉપર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ કાબુમાં લીધી હતી.

આ આગમાં વાડામાં રહેલ બે ભેંસ અને તેના ત્રણ બચ્ચા મોતને ભેટ્યા હતા. જ્યારે ઘરવખરી, ઘાસનો જથ્થો, લાકડા, વાયરિંગ સહિતની ચીજવસ્તુઓ બળી ગઈ હતી. આ ઘટનાને પગલે કપ્લેથાગામના લોકો પણ દોડી આવ્યા હતા.

બારીની ગ્રીલ તોડી કબાટની ચાવી શોધી 1.75 લાખની ચોરી

રાંદેર વિસ્તારનું દંપતી અને દેરાણી ગોવા પ્રવાસે ગયાં ને ચોરોને ફાવતું મળી ગયું

સુરતઃ રાંદેર રોડ વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડા અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૩.૧,૭૫,૨૫૦ની મતા ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. પરિવાર ગોવા ફરવા ગયો હોવાનું જાણી તસ્કરોએ બારીની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાતાં તપાસ શરૂ કરાઈ છે.

રાંદેર રોડ પર ગોરાટ હનુમાન ચોક પાસે આવેલી સાંઈદર્શન સોસાયટીના મકાન નં.૪૬-૪૭માં વૈશાલીબેન વિપુલભાઈ ગાંધી (ઉ.વ.૪૭) પરિવાર સાથે રહે છે. તેઓ ઘરકામની સાથે ઘરે નાનાં બાળકોના ટ્યુશન ક્લાસિસ ચલાવે છે. જ્યારે તેમના પતિ ઝોમેટોમાં ડિલિવરીનું કામ કરે છે. પરિવારમાં દેરાણી ફાલ્ગુનીબેન આશિત ગાંધી (ઉ.વ.૫૦) પણ સાથે રહે છે. જ્યારે પુત્ર ઈશાન (ઉ.વ.૨૨) કેનેડામાં અભ્યાસ કરે છે. ગત તા. ૧૩/૧૧/૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યાના સુમારે વૈશાલીબેન, તેમના પતિ અને દેરાણી ફાલ્ગુનીબેન ગોવા ટૂર પર જવા નીકળ્યાં હતાં. તેઓએ મુખ્ય દરવાજાને તાળું મારી પાડોશી ઉમાબેન શાહને ચાવી સોંપી હતી. બાદ તા.૧૭/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે વૈશાલીબેનની બહેન મિતાલીબેન પ્રેસવાલાએ ફોન કરી ઘરમાં ચોરી થઈ હોવાની જાણ કરી હતી.

બહેને પાડોશી પાસેથી ચાવી લઈ ઘરમાં તપાસ કરી વિડીયો કોલ મારફતે કબાટ ખુલ્લો અને સામાન વેરવિખેર પડ્યો હોવાનું બતાવ્યું હતું. ટ્રેનની ટિકિટ ન મળતાં પરિવાર તે દિવસે પરત ફરી શક્યો નહોતો અને ઘરે પરત આવીને તપાસ કરતા કુલ ૩.૧,૭૫,૨૫૦ની મતા ચોરાઈ હોવાનું સામે આવ્યું હતું.

તસ્કરો બારીની લોખંડની ગ્રીલ તોડી અંદર ઘૂસ્યા હતા અને સેટી નીચે રાખેલી કબાટની ચાવી વડે કબાટ ખોલીને રોકડા ૩.૧,૩૦,૦૦૦ ઉપાડી ગયા હતા. ઉપરાંત વૈશાલીબેનની સોનાની બે ચેઇન, બંગડી, બિસ્કિટ, લોકેટ તથા સુટેક્ષ બેંકના લોકરની ચાવી, દેરાણી ફાલ્ગુનીબેનની સોનાની બે ચેઇન, તાંબા-કડલી તથા પીપલ્સ બેંકના લોકરની ચાવી તેમજ ઘરકામ કરતાં મોનિકાબેન શિંદેએ સાચવવા આપેલી ચાંદીની બે ચેઇન મળી કુલ ૩.૧,૭૫,૨૫૦ની ચોરી થતાં રાંદેર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સગીરાને ગર્ભવતી બનાવવાના કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદ

ઇન્સ્ટાગ્રામ પર થયેલી મિત્રતા બાદ આરોપીએ અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો

ભ્રૂણના DNA રિપોર્ટમાં બાયોલોજિકલ પિતા હોવાનું સાબિત થયું હતું

સુરતઃ પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો કેસમાં પોક્સો કોર્ટનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે આરોપી પંકજકુમાર બચ્ચનલાલ સરોજ (ઉ.વ. ૨૫) ને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. કોર્ટે આરોપીને કુલ ૪૦,૦૦૦ નો દંડ પણ કર્યો હતો અને ભોગ બનનારને ૪,૦૦,૦૦૦ નું વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આ કેસની ફરિયાદ મુજબ, તા. ૨ જૂન ૨૦૨૫ ની રાત્રે ઘરે તરબૂચ ખાધા બાદ ભોગ બનનાર સગીરાને પેટમાં દુખાવો થતાં પરિવારજનો તેને સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તેને ૪ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું.

સગીરાની પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે, આશરે આઠેક મહિના પહેલાં આરોપી સાથે ઈન્સ્ટાગ્રામ પર ઓળખાણ થઈ હતી અને આરોપી ખાડીવાળા રસ્તે બોલાવતો અને અવારનવાર શારીરિક સંબંધ બાંધતો હતો. આ કેસમાં કોર્ટના હુકમ બાદ ગર્ભપાતની કાર્યવાહી દરમિયાન લેવાયેલા ભ્રૂણના ડી.એન.એ. (DNA) સેમ્પલના રિપોર્ટમાં આરોપી જ ગર્ભમાં રહેલા બાળકના બાયોલોજીકલ પિતા હોવાનું ફલિત થયું હતું. બચાવ પક્ષે દલીલ કરી હતી પરંતુ ભોગ બનનાર ૧૬ વર્ષથી નાની વયની હોવાથી કાયદાકીય રીતે સંમતિ આપવા સક્ષમ ન હોવાનું કોર્ટે ઠરાવી બચાવ પક્ષની દલીલ નામંજૂર કરી હતી. જ્યારે સરકાર પક્ષે એપીપી વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં.

નોકરી છૂટી ગઈ છતાં આરટીઓના નામે ઉઘરાણાં

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ આરોપી હિતેશભાઈ કરશનભાઈ આહિર વર્ષ-૨૦૧૯થી ૨૦૨૫ દરમિયાન સુરત આરટીઓમાં કોન્ટ્રાક્ટ બેઝ પર માસિક ૩.૯,૫૦૦ના પગારે ડ્રાઇવર તરીકે ફરજ બજાવતો હતો. જોકે, છેલ્લા એક વર્ષથી તે નોકરી પર ન હોવા છતાં આરટીઓ અધિકારીનો ડ્રાઇવર હોવાનો હાવભાવ બતાવી વાહનચાલકો પર રોફ જમાવતો અને હપ્તાખોરી કરતો હોવાની વિગતો તપાસમાં બહાર આવી છે.

સુરત સહિત...

સપ્ટેમ્બર-2026 દરમિયાન જ 12.50 લાખ મુસાફરો નોંધાયા છે. આ આંકડા સુરતના વિશાળ હવાઈ બજાર અને વધતી મુસાફરીની જરૂરિયાત દર્શાવે છે. અમદાવાદથી શરૂ થયેલી વ્યવસ્થામાં બે ફ્લાઇટ મારફતે યુરોપ, મધ્ય પૂર્વ, ઉત્તર અમેરિકા, દક્ષિણપૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયાના અનેક આંતરરાષ્ટ્રીય ગંતવ્યો સાથે જોડાણ આપવામાં આવ્યું છે. આ મોડલનો વિસ્તાર સુરત સુધી થતાં હીરા નિકાસકારો, કાપડ ઉદ્યોગ, વેપારીઓ, પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓને વિશેષ લાભ મળી શકે છે.હવે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, AAI અને એરલાઈન્સ વચ્ચે સંકલન સાધીને સુરતથી વધુ સીધી સ્થાનિક ફ્લાઇટ શરૂ કરવી, હાલના રૂટની ફ્રિકવન્સી વધારવી, બંધ થયેલી સેવાઓ પુનઃ શરૂ કરવી અને નવા આંતરરાષ્ટ્રીય રૂટ માટે પ્રયાસો કરવા જરૂરી બનશે. અમદાવાદથી શરૂ થયેલી વ્યવસ્થામાં બે ફ્લાઇટ મારફતે યુરોપ, મધ્ય પૂર્વ, ઉત્તર અમેરિકા, દક્ષિણપૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયાનાં અનેક આંતરરાષ્ટ્રીય ગંતવ્યો સાથે જોડાણ આપવામાં આવ્યું છે. આ મોડલનો વિસ્તાર સુરત સુધી થતાં હીરા નિકાસકારો, કાપડ ઉદ્યોગ, વેપારીઓ, પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓને વિશેષ લાભ મળી શકે છે.

હબ એન્ડ...

સામાન સીધો અંતિમ વિદેશી ગંતવ્ય સુધી પહોંચશે અને હબ પર ફરી ઇમિગ્રેશનની પ્રક્રિયા કરવાની જરૂર નહીં રહે. સુરતને આગામી 22 એરપોર્ટના વિસ્તરણમાં સામેલ કરવાની જાહેરાત વૈશ્વિક હવાઈ જોડાણ માટે મહત્ત્વપૂર્ણ તક ગણવી રહી.

હબ એન્ડ...

એરલાઇન્સ યુરોપ, મધ્ય પૂર્વ, ઉત્તર અમેરિકા, દક્ષિણ પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયાની સીધી ફ્લાઇટ શરૂ કરશે એ સ્વપ્ન પર બની રહેશે.

એવિયેશન એક્સપર્ટ કહે છે કે, સુરત, લખનઉ અને ઈન્દોર સહિતનાં વિકસિત એરપોર્ટને બેલેટરલ એગ્રીમેન્ટ અને પોઇન્ટ ઓફ કોલ જેવી સુવિધા નહીં આપવા અને ભારતીય એરલાઇન્સને લાભ કરાવવા જ સરકાર આ સ્કીમ લાવી છે. ટૂંકમાં સુરતના લોકોને વાયા વાયા જ ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી મળશે.

કોલેજો-યુનિ.નું ગુણવત્તા પરીક્ષણ થશે, 15 ડિસે. સુધી ડેટા આપવા આદેશ

બે વર્ષના વિરામ બાદ GSIRF સ્ટેટ રેટિંગ પ્રક્રિયા શરૂ, 5 સ્ટાર સ્કેલ અને 6 પેરામીટર્સના આધારે થશે મૂલ્યાંકન

ત્રણ શૈક્ષણિક વર્ષના ડેટાના આધારે જાન્યુઆરીમાં રેટિંગ જાહેર થશે

સુરતઃ ગુજરાતની કોલેજો અને યુનિવર્સિટીઓમાં શિક્ષણની ગુણવત્તા કેટલી છે, ફેકલ્ટીનું પ્રમાણ કેવું છે, વિદ્યાર્થીઓને કેટલું પ્લેસમેન્ટ મળે છે અને સંશોધન ક્ષેત્રે સંસ્થાઓનું પ્રદર્શન કેવું છે, તેની ચકાસણી હવે રાજ્ય કક્ષાએ કરવામાં આવશે. બે વર્ષના વિરામ બાદ ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક (GSIRF)ની રેટિંગ પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી છે. આ માટે રાજ્યની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી વિવિધ માપદંડોને લગતી વિગતો મંગાવવામાં આવી છે. સંસ્થાઓએ આગામી 15 ડિસેમ્બર સુધીમાં જરૂરી માહિતી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે. ખાનગી એજન્સી સાથેના વિવાદને કારણે વર્ષ-2023-24 બાદ